# મોદી મંત્રીમંડળમાં ૧૯ નવા ચહેરાઓ સામેલ

## પ્રકાશ જાવડેકરને પ્રમોટ કરીને કેબિનેટ રેંક આપવાનો નિર્ણય : બાકીના તમામના રાજ્યના પ્રધાન તરીકે શપથ : યુપી, ગુજરાતની ચૂંટણીને ધ્યાનમાં લઇને નિર્ણય : અમિત શાહ, સંઘની પસંદગીને પ્રાથમિકતા અપાઈ

નવી દિલ્હી, તા.૫

રાજકીય વર્તુળોમાં જેની ઉત્સુકતાપૂર્વક રાજ જોવામાં આવી રહી હતી તે મોદી કેબિનેટમાં આજે મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યા હતા. સાથે સાથે વિસ્તરણ પણ કરવામાં આવ્યુ હતુ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના પ્રધાનમંડળનુ આજે વિસ્તરણ કર્યુ હતુ. વિકાસની ગતિને વધુ ઝડપી કરવાના ઈરાદા સાથે આ ફેરફાર કરવામાં આવ્યા છે. મોદી કેબિનેટમાં ૧૯ નવા ચહેરાઓ છે જેમાં કેટલાક દલિત અને ઓબીસી નેતાઓનો પણ સમાવેશ થાય છે. નવા પ્રધાનો સમાજના જુદા જુદા વર્ગોમાંથી છે જેમાં જાણિતા તબીબ અને અન્ય ક્ષેત્રના કુશળ લોકોનો સમાવેશ થાય છે. કેબનેટમાં આજે જે ૧૯ના સમાવેશ કરવામાં આવ્યા હતા તે પૈકી ૧૭ ભાજપના રહ્યા છે. બીજી બાજુ પાંચ મિનિસ્ટર ઓફ સ્ટેટ દ્વારા રાજીનામા આપી દેવામાં આવ્યા છે. ગુજરાતમાંથી કેબિનેટમાં સામેલ કરવામાં આવેલાઓમાં પરષોત્તમ રુપાલા, જશવંતસિંહ ભાભોર અને મનસુખલાલ માંડવિયાનો સમાવેશ થાય છે. માંડવિયા પટેલ સમુદાયના લોકપ્રિય નેતા છે. બજેટ હેતુને પહોંચી વળવા અને ખેડુતો, ગ્રામીણ લોકોની સ્થિતીને સુધારવાના હેતુસર મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યા છે. આગામી વર્ષે ઉત્તરપ્રદેશમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને પણ કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. તમામને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ હોદ્દા અને ગુપ્તતાના શપત લેવડાવ્યા હતા. કેબિનેટમાંથી કેટલાકની હકાલપટ્ટી કરવામાં આવી છે. છ પ્રધાનોને પડતા મુકી દેવામા આવ્યા છે. જેમાં મોહન કુંડારિયા, જીએમ સિદ્ધેશ્વરી, નિહાલ ચંદ, મનસુખ વસાવા, રામ શંકર કઠેરિયાનો સમાવેશ થાય છે. સાંવરલાલ જાટે પણ તેમનુ રાજીનામુ મોકલી દીધુ છે. સાંવરલાલ જાટ, મોહન કુંડારિયા અને મનસુખ વસાવાએ તેમના રાજીનામા



પીએમઓને મોકલી દીધા છે. મોદી કેબિનેટના પ્રધાનોએ રાજીનામા આપતા રાજકીય વર્તુળોમાં તેમની ચર્ચા રહી હતી. કેબિનેટના વિસ્તરણથી સાફ લાગે છે છે કે પક્ષ પ્રમુખ અમિત શાહ અને સંઘના લોકોની પસંદગીને પ્રાથમિકતા આપવામાં આવી છે. ૧૯ પ્રધાનોએ આજે શપથ લીધા હતા. જ્યારે પ્રકાશ જાવડેકરને કેબિનેટ પ્રધાન બનાવી દેવામાં આવ્યા છે. પ્રકાશ જાવડેકરના પ્રમોશનની સાથે શપથવિધી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. તમામ નવા પ્રધાનોને ખાતાની ફાળવણી મોડેથી કરવામાં આવનાર છે. વન્ય અને પર્યાવરણ પ્રધાન પ્રકાશ જાવડેકરને ધારણા પ્રમાણે જ પ્રમોશન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૧૯ નવા રાજ્યકક્ષાના પ્રધાન બન્યા છે. રાષ્ટ્રપતિ ભવન ખાતે કાર્યક્રમનુ આયોજન કરવામા આવ્યુ હતુ. અપના દળના અનુપ્રિયા સિંહ અને રામદાસ અઠવાલે સિવાય તમામ પ્રધાનો ભાજપના છે. શપથવિધી કાર્યક્રમમાં શિવસેનાએ ભાગ લીધો ન હતો. જે દર્શાવે છે કે તેના અને ભાજપ વચ્ચેના સંબંધ વધારે ખરાબ થઈ રહ્યા છે. ૧૯ નવા ચહેરાઓ પૈકીના કેટલાક જુદી જુદી રાજ્ય સરકારોમાં કામ કરી ચુક્યા છે. જેમાં કર્ણાટકના પૂર્વ પ્રધાન રમેશ ચંદાપ્પાનો સમાવેશ થાય છે. બે નવા પ્રધાનો કેન્દ્ર સરકારમાં અગાઉ કામ કરી ચુક્યા છે. મોદીના નવા કેબિનેટમાં કેટલાક નવા નામ પણ છે. ગુજરાતના પૂર્વ પ્રધાનો પરશોતમ રૂપાલા પણ અગાઉ સરકારમાં કામ કરી ચુક્યા છે. વડાપ્રધાન મોદીએ કેબિનેટમાં આજે મોટાપાયે ફેરફાર કર્યા હતા. સરકારના ટોપ પોર્ટફોલિયોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા ન હતા. જેમાં નાણાં, ગૃહ, સંરક્ષણ અને વિદેશ વિભાગનો સમાવેશ થાય છે. આ તમામ પ્રધાનોને યથાવત રીતે જાળવવામાં આવ્યા છે. ૭૫ વર્ષથી ઉપરના લોકોને મંત્રી મંડળમાંથી બહાર કરવાના સંદર્ભમાં પણ ચર્ચા કરવામાં આવી હતી. કેબિનેટમાં સામેલ કરવામાં આવેલા નવા ચહેરામાં પીપી ચોધરી, સુભાષ રામ રાવ, એમજે અકબર, અર્જૂન મેઘવાલ, અનિલ માધવનો સમાવેશ થાય છે. ૨૬મી મે ૨૦૧૪ના દિવસે વડાપ્રધાન ઉપર ૪૫ પ્રધાનોએ શપથ લીધા હતા. નવેમ્બર ૨૦૧૪માં કેબિનેટ વિસ્તરણમાં વધુ ૨૧ને ઉમેરવામાં આવ્યા હતા. ગુજરાતમાંથી ત્રણની પસંદગી કરવા પાછળના હેતુ રહેલા છે. પરષોત્તમ રુપાલા ઓબીસી કુશવાહ છે. જ્યારે માંડવિયા પટેલ સમુદાયના છે. માંડવિયાની પસંદગી પટેલ સમુદાયને પ્રભાવિત કરવાના હેતુસર કરાઈ છે. કારણ કે આ સમુદાય દ્વારા અનામતની માંગણી કરવામાં આવી રહી છે. ભાજપને દહેશત છે કે, આના કારણે પટેલનો ટેકો હાથમાંથી નિકળી શકે છે.

# રૂપાલા, ભાભોર, માંડવિયાને મોટી જવાબદારી મળી શકે છે

### મનસુખ માંડવિયા પાટીદારોમાં પ્રભુત્વ ધરાવે છે : પાટીદારોને પ્રભાવિત કરવાની જવાબદારી



નવીદિલ્હી,તા. ૫

કેન્દ્રીય કેબિનેટનું આજે વિસ્તરણ કરવામાં આવ્યું હતું. કેબિનેટનું વિસ્તરણ કરતી વેળા વિવિધ બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે. ગુજરાતમાંથી ત્રણને પ્રધાન બનાવવામાં આવ્યા છે જેમાં પુરુષોત્તમ રૂપાલા, જશવંતસિંહ ભાભોર, મનસુખ માંડવિયાનો સમાવેશ થાય છે. પુરુષોત્તમ રૂપાલા ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ તરીકે છે. મોદીના કરીબી પણ છે. મોદી સાથે તેમના ખુબ સારા સંબંધો રહેલા છે. રૂપાલા ગુજરાતના મોટા નેતા તરીકે છે. તેઓએ રાજ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા. જ્યારે જશવંતસિંહ ભાભોર ગુજરાતના દાહોદના સાંસદ છે. આદિવાસી સમુદાયમાં તેમની પકડ રહેલી છે. રાજ્યમંત્રી તરીકે તેઓએ શપથ લીધા હતા. મનસુખ માંડવિયા ગુજરાતના રાજ્યસભાના સાંસદ તરીકે છે. રાજ્યમંત્રી તરીકે તેઓએ આજે શપથ લીધા હતા. આ તમામને કુશળ વ્યૂહરચનાકાર તરીકે પણ ગણવામાં આવે છે.

મનસુખ માંડવિયા ગુજરાતમાં કૃષિ સેક્ટરમાં કામ કરી ચુક્યા છે. જ્યારે રૂપાલા પણ અનુભવ ધરાવે છે. પુરુષોત્તમ રૂપાલા પણ પોતાના સમુદાયમાં સારો પ્રભાવ ધરાવે છે. માંડવિયાની પસંદગી પટેલ સમુદાયને ધ્યાનમાં લઈને કરવામાં આવી છે. પટેલ સમુદાય દ્વારા ગુજરાતમાં નોકરીમાં અનામતની માંગણી કરીને આંદોલન ચલાવ્યું હતું જેથી ભાજપ સરકારની ઉંઘ હરામ થઈ ગઈ હતી. મોટી સંખ્યામાં પાટીદારો ભાજપથી હજુ પણ નારાજ છે.

આવી સ્થિતિમાં પટેલ સમુદાય ભાજપથી દૂર ન થાય તે હેતુસર તેમને તક આપવામાં આવી છે. પટેલ સમુદાયને પ્રભાવિત કરવાના ઈરાદાથી તેમની પસંદગી થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને જ ગુજરાતમાંથી ત્રણેયને તક અપાઈ છે. આગામી દિવસોમાં તેમને મોટી કામગીરી સોંપવામાં આવી શકે છે.

## ૧૯ નવા મંત્રીઓની યાદી

| | |
|---|---|
| ૧ | ફગ્ગનસિંહ કુલસ્તે (રાજ્યમંત્રી તરીકે) |
| ૨ | એસએસ આહલૂવાલિયા (રાજ્યમંત્રી તરીકે) |
| ૩ | રમેશ ચંદપ્પા (રાજ્યમંત્રી તરીકે) |
| ૪ | વિજય ગોયેલ (રાજ્યમંત્રી તરીકે) |
| ૫ | રામદાસ અથવાલે (રાજ્યમંત્રી તરીકે) |
| ૬ | રાજેન ગોહને (રાજ્યમંત્રી તરીકે) |
| ૭ | અનિલ માધવ દવે (રાજ્યમંત્રી તરીકે) |
| ૮ | પુરુષોત્તમ રૂપાલા (રાજ્યમંત્રી તરીકે) |
| ૯ | એમજે અકબર (રાજ્યમંત્રી તરીકે) |
| ૧૦ | અર્જુનરામ મેઘવાર (રાજ્યમંત્રી તરીકે) |
| ૧૧ | જશવંતસિંહ ભાભોર (રાજ્યમંત્રી તરીકે) |
| ૧૨ | મહેન્દ્રનાથ પાંડે (રાજ્યમંત્રી તરીકે) |
| ૧૩ | અજય તામટા (રાજ્યમંત્રી તરીકે) |
| ૧૪ | કૃષ્ણરાજ (રાજ્યમંત્રી તરીકે) |
| ૧૫ | મનસુખ માંડવિયા (રાજ્યમંત્રી તરીકે) |
| ૧૬ | અનુપ્રિયાસિંહ પટેલ (રાજ્યમંત્રી તરીકે) |
| ૧૭ | સીઆર ચૌધરી (રાજ્યમંત્રી તરીકે) |
| ૧૮ | પીપી ચૌધરી (રાજ્યમંત્રી તરીકે) |
| ૧૯ | સુભાષ રામરાવ ભામરે (રાજ્યમંત્રી તરીકે) |



ભાવિકો ઉમટ્યા - રથયાત્રાની પૂર્વ સંધ્યાએ ભગવાનના દર્શન કરવા મોટી સંખ્યામાં જગન્નાથ મંદિર ખાતે ભાવિકો ઉમટ્યા હતા... મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, વિવિધ પક્ષના આગેવાનો અને અમદાવાદ જાહેર જીવનના અગ્રણીઓ ભગવાનના દર્શન કરી મંદિરના મહંત પૂજ્ય દિલીપદાસજીને રથયાત્રાની શુભકામનાઓ પાઠવવા પહોંચ્યા હતા. રથયાત્રાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

# રાજ્યના ૭૫ તાલુકાઓમાં ભારે વરસાદ

## માલપુરમાં ૫ ઇંચ : ધનસુરા, દહેગામ અને સંતરામપુરમાં ચાર ઇંચ : ગુજરાતમાં ભારે વરસાદ પડવા આગાહી : ચાર તાલુકામાં ચાર ઇંચથી વધુ અને ૧૦ તાલુકામાં બે ઇંચથી વધુ વરસાદ

અમદાવાદ, તા. ૫

ગુજરાતમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવેલી છે ત્યારે આજે પણ કેટલાક ભાગોમાં હળવો વરસાદ જારી રહ્યો હતો. બીજી બાજુ છેલ્લા ૨૪ કલાકની અંદર ૭૫ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. માલપુરમાં પાંચ ઈંચ અને ધનસુરા, દહેગામ, ગોધરા, સંતરામપુરમાં ચાર ઈંચ વરસાદ થયો છે. રાજ્યમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૭૬ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે જેમાં અરવલ્લી જિલ્લાના માલપુરમાં ૧૨૯ મીમી એટલે કે પાંચ ઈંચથી વધુ અને અરવલ્લી જિલ્લાના ધનસુરામાં ૧૦૩ મીમી, ગાંધીનગર જિલ્લાના દહેગામમાં ૧૦૬ મીમી, પંચમહાલ જિલ્લાના ગોધરામાં ૧૦૭ મીમી અને મહિસાગર જિલ્લાના સંતરામપુરમાં ૧૦૪ મીમી મળી કુલ ચાર તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે સવારે ૭ કલાકે પુરા થતાં ૨૪ કલાક દરમિયાન મેઘરજ તાલુકામાં ૭૭ મીમી, હાલોલમાં ૮૩ મીમી, ઘોઘંબામાં ૮૫ મીમી, ખાનપુરમાં ૭૯ મીમી, ઉચ્છલમાં ૭૩ મીમી અને કપરાડામાં ૮૦ મીમી મળી કુલ છ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ જ્યારે પોશીનામાં ૭૦ મીમી, પ્રાંતિજમાં ૫૬ મીમી, ગાંધીનગરમાં ૨૧ મીમી, કપડવંજમાં ૪૯ મીમી, મહુધામાં ૫૭ મીમી, ક્વાંટમાં ૫૫ મીમી, કાલોલમાં ૬૦ મીમી, કડાણામાં ૫૭ મીમી, માંડવીમાં ૫૨ મીમી અનએ સુબિરમાં ૭૭ મીમી મળી કુલ ૧૦ તાલુકાઓમાં બે ઈંચથી વધારે વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. આ ઉપરાંત રાજ્યના દાંતા, મહેસાણા, વિજાપુર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, વડાલી, બાયડ, ભીલોડા, મોડાસા, માણસા, કઠલાલ, મહેમદાવાદ, ઠાસરા, પેટલાદ, સોજીત્રા, ઉમરેઠ, ડેશર, જાંબુઘોડા, શહેરા, બાલાશિનોર, વીરપુર, દાહોદ, દેવગઢબારિયા, ફતેપુરા, લીમખેડા, સંજેલી, જંબુસર, સોનગઢ, વાલોડ, ખેરગામ, ધરમપુર, વઘઈ મળી કુલ ૩૩ તાલુકાઓમાં એક ઈંચથી વધુ જ્યારે અન્ય ૨૧ તાલુકાઓમાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ મળ્યા છે. દરમિયાન આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૬.૪ અને લઘુત્તમ તાપમાન ૨૫.૬ રહ્યું હતું.

# નવનિયુક્ત મંત્રીઓનું ભાજપ દ્વારા વિમાની મથક પર સ્વાગત

### મોદી કેબિનેટમાં સ્થાન મળતા ખુશીનું મોજુ : મોડી સાંજે અમદાવાદ ખાતે એરપોર્ટ ઉપર પહોંચ્યા બાદ ભવ્ય સ્વાગત સમારોહ : અમિત શાહ પણ આવી પહોંચ્યા

અમદાવાદ, તા.૫

કેન્દ્રિય મંત્રી મંડળમાં સ્થાન પામેલા ગુજરાત ભાજપના પણ આગેવાનો પરષોત્તમ રૂપાલા, મનસુખ માંડવીયા તથા જશવંત સિંહ ભાંભોરનું આજે મોડી સાંજે અમદાવાદ હવાઈ મથકે ભાજપ દ્વારા શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ત્રણેય રાજયકક્ષાના કેન્દ્રિય મંત્રીઓ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ, પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણી તથા પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા સાથે આજે મોડી સાંજે અમદાવાદ હવાઈ મથકે આવી પહોંચ્યા ત્યારે ભાજપના આગેવાનો રાજયના મંત્રીઓ તથા હજારો કાર્યકરો દ્વારા તેમનું ભાવભીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આજે સવારે રાષ્ટ્રપતિ ભવન નવી દિલ્હી ખાતે આ ત્રણેય આગેવાનોએ કેન્દ્રિય મંત્રીઓ તરીકે શપથ લીધા બાદ સાંજે તેમના વતન આવવા દિલ્હીથી અમદાવાદ રવાના થયા હતા. ભાજપ દ્વારા હવાઈ મથકે જ ત્રણેય મંત્રીઓનું અભિવાદન કરવા શાનદાર સમારોહ યોજાયો હતો. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ આવતીકાલે બુધવારે શહેરના સુપ્રસિધ્ધ જગન્નાથ મંદિરેથી નીકળનારી ભગવાન જગન્નાથની ૧૩૯મી રથયાત્રાની વહેલી સવારે થનારી વિધિમાં હાજરી આપવા આ ત્રણેય મંત્રીઓ તથા ભાજપના પ્રદેશ પ્રમુખ, પ્રવક્તા આજે અમદાવાદ આવી પહોંચ્યા હતા. ગુજરાતને નોંધપાત્ર પ્રતિનિધિત્વ કેન્દ્રીય કેબિનેટમાં આપ્યું છે. ગુજરાતમાંથી ત્રણને સ્થાન મળતા આજે દિવસભર ઉજવણીનો દોર ચાલ્યો હતો. કાર્યકરોમાં પણ ભારે ઉત્સાહ દેખાયો હતો. ખાસ કરીને અમરેલીમાં આતશબાજીનો નજારો જોવા મળ્યો હતો.

### અમરેલીમાં આતશબાજી

અમદાવાદ, તા.૫

ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ પ્રમુખ અને રાજયસભાના સાંસદ એવા અમરેલીના પનોતા પુત્ર પુરૂષોત્તમ રૂપાલાનો કેન્દ્રીય મંત્રી મંડળમાં સમાવેશ કરાતા આજે અમરેલીમાં આતશબાજી કરવામાં આવી તેમજ પેંડા વહેચીને મો મીઠા કરાવવામાં આવ્યા હતા. બે દાયકા બાદ કેન્દ્રીય મંત્રી મંડળમાં અમરેલી જિલ્લાના પ્રતિનિધિનો સમાવેશ કરાતા ભાજપના આગેવાનો અને કાર્યકરોમાં જશ્નનો માહોલ સર્જાઈ ગયો હતો



નૃત્યોની રમઝટ - અમદાવાદની પ્રસિદ્ધ રથયાત્રામાં આવતીકાલે નૃત્યોની રમઝટ બોલાશે.... આદિવાસી નૃત્યો શહેરના માર્ગો પર આકર્ષણ જમાવશે.... સીદી ધમાલ નૃત્ય મંગળવારે સાંજે મંદિરના પ્રાંગણમાં યોજાતા ભારે ભીડ જામી ગઈ હતી... અખાડાના કરતબો તથા નૃત્યોની રમઝટ વચ્ચે ભજન મંડળીઓ સાથેની રથયાત્રા અમદાવાદની એક આગવી ઓળખ બને છે...

### કેબિનેટનું વિસ્તરણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તરપ્રદેશમાંથી જે ત્રણ સાંસદોને તક અપાઈ છે તેમાં મહેન્દ્રનાથ પાંડે, ક્રિષ્નારાજ, અનુપ્રિયાસિંહ પટેલનો સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે ચૂંટણી યોજાનાર છે. દિલ્હીમાંથી પીપી ચૌધરી અને વિજય ગોયેલને સામેલ કરવામાં આવ્યા છે. જ્યારે રાજસ્થાનમાંથી અર્જુન રામ મેઘવાલ અને સીઆર ચૌધરીને પ્રધાન બનાવવામાં આવ્યા છે. ગુજરાતમાંથી ત્રણ ચહેરાઓને પ્રધાન બનાવવામાં આવ્યા છે જેમાં મનસુખ માંડવિયા, પુરુષોત્તમ રૂપાલા, જશવંતસિંહ ભાભોરને પ્રધાન બનાવવામાં આવ્યા છે. મધ્યપ્રદેશમાંથી અનિલ માધવ દવે, ફગ્ગનસિંહ કુલસતે, પત્રકારમાંથી રાજકારણી બનેલા એમજે અકબર, ઉત્તરાખંડ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને અલ્મોડામાંથી દલિત નેતા અજય તામટાને પણ પ્રધાન બનાવવામાં આવ્યા છે. રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાના નેતા રામદાસ અથવાલેને તક આપવામાં આવી છે. વિજય ગોયેલ અને ફગ્ગનસિંહ સિવાયના તમામ નવા ચહેરાઓ છે. કેટલાક એવા પણ છે જે ભાજપ શાસિત રાજ્ય સરકારોમાં પ્રધાન રહી ચુક્યા છે.

### અહંકાર છોડી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શ્રધ્ધાળુઓનો પ્રેમ અને આવકાર જોવા મળે છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમિયાન પ્લાસ્ટીક ગમે ત્યાં પડેલુ જોવા મળે છે. ગાયો ખાય તેને પણ નુકશાન કરે છે.પાણીનો પણ આડા દિવસે શહેરમાં બગાડ થાય છે. તે વાત ખુંચે છે. બીજી વાત એ કે ગાંધીનગરના માણસો સ્વકેન્દ્રી છે. ત્યારે હવે સ્વકેન્દ્રીની ભાવના છોડી વિશાળતા ધારણ કરવાની અનિવાર્યતા છે.